# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

- **રાષ્ટ્રપતિના સંબોધન સાથે સંસદના અંદાજપત્ર સત્રનો આજથી આરંભ થશે**
- **નાણામંત્રી નિર્મલા સિતારમણ આજે સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે**
- **મહાકુંભ દુર્ઘટનાની તપાસ માટે રચાયેલુ ન્યાયિક તપાસ પંચ આજે પ્રયાગરાજના સંગમ ઘાટ પરના ઘટનાસ્થળની મુલાકાત લેશે**
- **ઇઝરાયેલે વધુ 110 પેલેસ્ટાઇનિયન બંધકોને મુક્ત કર્યા**
- **ICC અંડર-૧૯ મહિલા T20 ક્રિકેટ વિશ્વકપની સેમિફાઇનલ મેચમાં આજે ભારતનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે.**

.....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARL. SESSION WITH VOICE CAST

સંસદના અંદાજપત્ર સત્રનો આજથી આરંભ થશે. સૌ પ્રથમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ કેન્દ્રીય નાણાંમંત્રી  નિર્મલા સીતારમણ લોકસભા અને રાજ્યસભા બંનેના ટૂંકા સત્રો દરમિયાન આર્થિક સર્વે રજૂ કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે આર્થિક સર્વેક્ષણની રજૂઆત સંસદમાં અંદાજપત્ર સત્રની સત્તાવાર શરૂઆત દર્શાવે છે.

વધુ વિગતો આપે છે અમારા સંવાદદાતા

## બાઇટ – સાંકલેન અખ્તર

# MAHAKUMBH - JUDICIAL COMMISSION

મહાકુંભ દુર્ઘટનાના કારણો શોધવા માટે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા રચાયેલ ન્યાયિક પંચ આજે સંગમ ઘાટ પ્રયાગરાજની મુલાકાત લેશે. આ કમિશન અકસ્માતના કારણ અને સંજોગોની તપાસ કરશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે ભલામણો સાથે એક મહિનાની અંદર તેનો અહેવાલ સુપરત કરશે. ત્રણ સભ્યોના આ કમિશનનું નેતૃત્વ અલ્હાબાદ વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ હર્ષ કુમાર કરી રહ્યા છે.

ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહ અને પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે મહાકુંભ ખાતે સંગમ ઘાટની મુલાકાત લીધી અને તે વિસ્તારનું નિરીક્ષણ કર્યું જ્યાં 30 લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેમણે વહીવટીતંત્રને આગામી અમૃત સ્નાન સરળતાથી યોજી શકાય તે માટે તૈયાર રહેવા અને વધુ સારી પદ્ધતિઓ અપનાવવા અનુરોધ કર્યો. તેમણે ખૂબ ભીડવાળા વિસ્તારોમાં મહત્તમ અધિકારીઓને તૈનાત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

## MORN. MAHAKUMBH – DM

પ્રયાગરાજ જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર મંદારે પ્રયાગરાજમાં રૂટ ડાયવર્ઝનને કારણે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેવા મીડિયા અહેવાલોને નકારી કાઢ્યા છે. એક વાયરલ સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રયાગરાજમાં ચોથી ફેબ્રુઆરી સુધી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે.

આ અંગે શ્રી મંદારે વધુ માહિતી આપી ..

## બાઇટ – DM રવિન્દ્ર કુમાર મંદારે

# PM RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે દિલ્હીના દ્વારકામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સહિત પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ વિવિધ મતવિસ્તારોમાં જાહેર સભાઓ કરશે.

# JAISHANKAR YOUTH INTERACTION

વિદેશમંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે ગઈકાલે દિલ્હી વિશ્વ-વિદ્યાલયમાં વિકસિત ભારત માટે યુવા વિષય પર વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. વિદ્યાર્થીઓને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું, યુવાનો વગર વિકસિત ભારતની કલ્પના ન કરી શકાય. તેમણે વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા મેળવનારા યુવાનોને સર્જનાત્મક સ્વતંત્રતા આપવા અને તેમને શિક્ષિત કરવાની આવશ્યકતાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ડૉ. જયશંકરે વિદ્યાર્થીઓને પોતપોતાના ક્ષેત્રમાં ઉત્તમ પ્રદર્શન કરવા પ્રેરિત કર્યા હતા. ઉપરાંત તેમણે ભવિષ્યમાં દેશ ઉચ્ચ વિકાસ દર હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# ISRAEL GAZA HOSTAGES

**ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારના આગામી તબક્કાના ભાગ રૂપે, ઇઝરાયલે 110 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા છે. બંધકો સોંપવાના સ્થળે ભીડ ઉમટી પડતાં શરૂઆતમાં પ્રક્રિયામાં વિલંબ થયો હતો. જોકે, ગાઝા અને પશ્ચિમ કાંઠે આ મુક્તિની ઉજવણી મોટા પાયે કરવામાં આવી હતી.**

**અગાઉ, ગાઝામાંથી 3 ઇઝરાયલી અને 5 થાઈ નાગરિકો સહિત 8 બંધકોને 15 મહિનાની કેદ પછી મુક્ત કરવામાં આવ્યા હતા.**

# CRICKET - ICC U19 WC

ICC અંડર-૧૯ મહિલા T20 ક્રિકેટ વિશ્વકપની સેમિફાઇનલ મેચમાં આજે ભારતનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે. આ મેચ કુઆલાલંપુરના બાયુમાસ ઓવલ મેદાન પર ભારતીય સમય મુજબ બપોરે બાર વાગે શરૂ થશે. નિક્કી પ્રસાદના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શાનદાર પ્રદર્શન કરી રહી છે. બીજી તરફ, સુપર સિક્સ તબક્કામાં ઇંગ્લેન્ડે અત્યાર સુધીમાં બે મેચ જીતી છે અને બેમાં નિરાશાજનક પ્રદર્શન કર્યું છે.

આજે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બીજી સેમિફાઇનલ મેચ પણ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે આઠ વાગ્યે શરૂ થશે. બંને સેમિફાઇનલના વિજેતાઓ રવિવારે આ જ મેદાન પર ફાઇનલમાં એકબીજાનો સામનો કરશે.

# CRICKET - IND ENG T20

પુરુષોના ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. પાંચ મેચની શ્રેણીમાં ભારત બે-એકથી આગળ છે.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારત આજની મેચ જીતીને શ્રેણીમાં અજેય લીડ મેળવવાનો પ્રયાસ કરશે, જ્યારે જોસ બટલરની આગેવાની હેઠળની ઇંગ્લેન્ડની ટીમ મેચ જીતીને શ્રેણી બરાબર કરવાનો પ્રયાસ કરશે. આ

પહેલા મંગળવારે રાજકોટમાં રમાયેલી મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 26 રનથી હરાવીને શ્રેણીમાં પોતાની પહેલી જીત નોંધાવી હતી.

# NATIONAL GAMES-WEIGHTLIFTING

નેશનલ ગેમ્સ મ્યુજિક

ઉત્તરાખંડમાં ચાલી રહેલી ૩૮મી રાષ્ટ્રીય રમતોમાં વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં મહિલાઓના 45 કિલોગ્રામાં વર્ગમાં કેરળની સુફના જાસ્મીને કુલ 159 કિલો વજન ઉપાડીને સુવર્ણચંદ્રક જીત્યો જ્યારે મહારાષ્ટ્રની દીપાલી ગુરસાલેએ 151 કિલો વજન ઉપાડીને રજતચંદ્રક જીત્યો. મધ્યપ્રદેશની રાની નાયકે 146 કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

પુરુષોની 55 કિલોગ્રામાં વર્ગમાં છત્તીસગઢના વિજય કુમારે રાષ્ટ્રીય ક્લીન-એન્ડ-જર્ક રેકોર્ડની બરાબરી કરી 248 કિલો વજન ઉપાડીને સુવર્ણચંદ્રક જીત્યો. જ્યારે મહારાષ્ટ્રના મુકુંદ સંતોષ આહેરે 247 કિલો વજન ઉપાડીને રજત ચંદ્રક અને મહારાષ્ટ્રના ગૌડ આકાશ શ્રીનિવાસે 244 કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

છત્તીસગઢની જ્ઞાનેશ્વરી દેવીએ મહિલાઓના 49 કિગ્રા વજન વર્ગમાં કુલ 191 કિગ્રા વજન ઉપાડીને સુવર્ણ, મહારાષ્ટ્રની સારિકાએ 179 કિલો વજન ઉપાડીને રજત અને હરિયાણાની કોમલ કોહરે પણ ૧૭૯ કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

સર્વિસીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડના ચૌધરી ઋષિકાંત સિંહે 61 કિગ્રા વર્ગમાં 273 કિગ્રા વજન ઉપાડીને સુવર્ણચંદ્રક જીત્યો. મહારાષ્ટ્રના સંકેત મહાદેવ

**સરગરે 259 કિલો વજન ઉપાડીને રજતચંદ્રક જીત્યો, જ્યારે શુભમ તાનાજી ટોડકરે 254 કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.**

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજે તમામ અખબારોએ મહાકુંભમાં નાસભાગમાં થયેલી દૂર્ઘટના, વોશિંગ્ટનમાં વિમાન અને હેલિકોપ્ટર ટકરાવાથી થયેલ અકસ્માત, આજથી શરૂ થતાં સંસદના સત્ર, 30 એપ્રિલ સુધી ગુજરાતમાં નવા કાયદાના અમલીકરણ માટેના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સૂચન અને ભારતના આગામી દસ મહિનામાં સ્વદેશી AI મોડલ બનાવવા સહીતના સમાચારોને મુખ્ય પાને પ્રકાશિત કર્યા છે.

- ગુજરાત સમાચારની હેડલાઈન છે, મહાકુંભમાં કરૂણાંતિકા બાદ VVIP કલ્ચર રદ
દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે, 43 વર્ષેમાં ત્રીજી મોટી વિમાન દૂર્ઘટનાથી અમેરિકા સ્તબ્ધ, અમેરિકામાં સૈન્યના હેલિકોપ્ટર સાથે પેસેન્જર પ્લેન ટકરાયું.

- સંદેશે આજથી સંસદનું સત્ર – મહાકુંભ, વકફને કારણે તોફાની બની રહેવાની ધારણા અને એલન મસ્ક નોબલ શાંતિ પારિતોષિક માટે નોમિનેટ થયાના સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- યમુનામાં ઝેરના મુદ્દે કેજરીવાલ ગોળમોળ જવાબ ન આપે, પુરાવા રજૂ કરે : ચૂંટણી પંચના સમાચારને નવ ગુજરાત સમય પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- BZ કૌભાંડ ભુપેન્દ્ર ઝાલાની જામીન અરજી કોર્ટે ફગાવી, ઓલમ્પિક 2036 પહેલા ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ માટેની તૈયારીઓ શરૂ, વરસાદ લાવે તેવી બે સિસ્ટમ નબળી પડી, આફત ટળી, ઠંડી પણ ઢળીના સમાચારોને મુખ્ય પાનાઓમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

- કુલછાબે નિજ્જરની હત્યામાં ભારતને નિસ્બત નથી કેનેડિયન રિપોર્ટે ખોલી જસ્ટિન ટ્રુડોના આરોપોની પોલ ના સમાચારને મુખ્ય શિર્ષક બનાવ્યું છે.
- ઈન્ડિયન એક્સપ્રેસે AIF ઓફિસર ગૃપ કેપ્ટન સુભાંશુ શુક્લ અવકાશ યાત્રા માટે તૈયારના સમાચારને પ્રથમ સ્થાને પ્રકાશિત કર્યા છે.
- ટાઈમ્સ ઓફ ઈન્ડિયા લખે છે કે, હમાસે 8 બંધકોને મુક્ત કર્યા, ઈઝરાયેલે 110 પેલેસ્ટિનયન  નાગરિકોને મુક્ત કર્યા.